Received on : 07-03-2026
Registered on : 07-03-2026
Decided on : 18-03-2026
Duration : Y M D
- - 11

## જૂનાગઢના મે.છઠ્ઠા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,
## મુ. જુનાગઢ

**<u>ફોજદારી પરચુ.અરજી નં.૧૭૮/૨૦૨૬.</u>**

<u>આંક–</u>

**<u>અરજદાર/આરોપી.</u>** સાગર દિલીપભાઈ ધારૂકીયા,
ઉ.વ.આ.૨૧, ધંધો–મજુરી,
રહે.નંદનવન બજરંગપાન પાસે,
લાલા એપાર્ટમેન્ટ, જોષીપુરા, જુનાગઢ.
હાલ–જીલ્લા જેલ જુનાગઢ.

**<u>–:: વિરૂધ્ધ ::–</u>**

**<u>સામાવાળા.</u>** શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ.

**વિષય:–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો:–** બી.એન.એસ.ની કલમ– ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ ૪,૬,૮ અને ૧૨ મુજબ.

**સંદર્ભ:–** જૂનાગઢ બી.ડીવી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૧૧૨૦૩૦૨૪૨૫૦૩૯૫/૨૦૨૫

---

અરજદાર/આરોપી તરફે :વિ.વકીલશ્રી કે.આર.વાજા
સામાવાળા શ્રી સરકાર તરફે :વિ.પી.પી.શ્રી એન.કે.પુરોહીત

---

**<u>–: હ રા વ :–</u>**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીએ જૂનાગઢ બી.ડીવી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૧૧૨૦૩૦૨૪૨૫૦૩૯૫/૨૦૨૫, બી.એન.એસ.ની

કલમ– ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ ૪,૬,૮ અને ૧૨ મુજબના ગુનાના કામે જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, જામીન ઉપર મુકત થવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ અન્વયે આ રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીની અરજી સંબંધે શ્રી સરકારશ્રીને નોટીશ કરતા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી એન.કે.પુરોહીતનાઓ હાજર થયેલ છે અને આંક–૦૬ થી તપાસ કરનાર અમલદાર બી.એમ.વાઘમશી, ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર, એન્ટી હયુમન ટ્રાફીકીંગ યુનીટ, જૂનાગઢનાઓનું સોગંદનામું રજુ રાખેલ છે.

(૩) આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી કે.આર.વાજાનાઓએ જામીન અરજી મુજબની રજુઆત કરી જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામે જૂનાગઢ બી.ડીવી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૧૧૨૦૩૦૨૪૨૫૦૩૯૫/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ– ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ ૪,૬,૮ અને ૧૨ મુજબના ગુનાની ફરીયાદ નોંધવામાં આવેલ છે. આ કામેના ગુનાની તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને તેના પોકસો કેસ નં.૦૩/૨૦૨૬ રહેલ છે. આ કામે અરજદારની ઉંમર ૨૧ વર્ષની રહેલ છે. વધુમાં ભોગબનનાર હાલ શીશુમંગલમમાં રહેલ છે. વધુમાં ભોગબનનારની સાથે લગ્ન કરવા બાબતેની હકીકત જણાવેલ છે. આ કામનું રેકર્ડ ધ્યાને લેતા હાલનો કેસ પોકસો એકટ હેઠળનો કેસ બનતો નથી. વધુમાં હલના કામના અરજદાર/આરોપી ઘરના મુખ્ય કમાનાર વ્યકિત છે. અરજદાર/આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી. હાલની આ પ્રથમ જામીન અરજી છે તેમજ અરજદાર/આરોપી જુનાગઢના રહેવાસી છે, કોઈ

જગ્યાએ નાસી કે ભાગી જાય તેમ નથી જેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે સામાવાળા ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એન.કે.પુરોહીત નાઓએ જામીન અરજી સામે વાંધો હોવાનુ જણાવી રજુઆત કરેલ છે કે, ભોગબનનારની ઉંમર ઘ્યાને લેવામાં આવે તો ૧૬ વર્ષની રહેલ છે. ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે. ગુનાની ગંભીરતા તથા ભોગબનનારની ઉંમર ઘ્યાને લેતા જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૫) આ કામે ભોગબનનાર હાજર રહેલ છે અને તેઓએ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા જણાવેલ છે.

(૬) બંને પક્ષોની રજુઆત, રેકર્ડ, તપાસ કરનાર અધિકારી બી.એમ.વાઘમશી, ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર, એન્ટી હયુમન ટ્રાફીકીંગ યુનીટ, જૂનાગઢનાઓનું આંક–૦૬ નું સોગંદનામું વંચાણે લીધું. ફરીયાદપક્ષની હકીકત જોવામાં આવે તો, આ કામના ફરીયાદીની સગીર વયની દીકરી ઉ.વ.૧૬ (જન્મ તા.૦૩/૦૨/૨૦૦૯) વાળીનું કોઈ અજાણ્યા ઈસમએ ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ ગુન્હો કરેલાનો આક્ષેપ રહેલ છે.

(૭) આ કામનું રેકર્ડ ઘ્યાને લેવામાં આવે તો, ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે જેના પોકસો કેસ નં.૦૩/૨૦૨૬ રહેલ છે. વધુમાં હાલના કામનું રેકર્ડ ઘ્યાને લેતા આ કામના અરજદાર/આરોપી ગુનામાં સંડોવાયેલ હોવાની હકીકત ફલીત થાય છે. વધુમાં રેકર્ડ ઘ્યાને લેતા અરજદાર/આરોપીને હાલના કામના ભોગબનનાર સાથે પ્રેમ સંબંધ હોવાની હકીકત રેકર્ડ ઉપર ફલીત થાય છે.

વધુમાં આ કામે અરજદાર/આરોપીની ઉંમર ધ્યાને લેતા ૨૧ વર્ષની રહેલ છે. તેમજ આ કામના ગુનાની તપાસ પુર્ણ થતા ચાર્જશીટ થઈ ગયેલ છે તે સંજોગોમાં અરજદાર/આરોપી ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડછાડ કરે તેવી કોઈ શકયતા રહેલ ન હોવાની અરજદાર તરફેની રજુઆતમાં વજુદ જણાય છે. વધુમાં હાલના કામના અરજદાર/આરોપી જુનાગઢના સ્થાનીક રહેવાસી છે જેથી તેઓ નાસી કે ભાગી જાય તેવી શકયતા નહીવત રહેલ છે. આમ, અરજીના સમગ્ર સંજોગો ધ્યાને લેતા અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવાના નિર્ણય ઉપર આવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુ ક મ ::-</u>**

હાલના અરજદાર/આરોપી સાગર દિલીપભાઈ ધારૂકીયા, રહે.નંદનવન બજરંગપાન પાસે, લાલા એપાર્ટમેન્ટ, જોષીપુરા, જુનાગઢવાળાની જૂનાગઢ બી.ડીવી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૧૧૨૦૩૦૨૪૨૫૦૩૯૫/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ- ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ ૪,૬,૮ અને ૧૨ મુજબના ગુન્હાની હાલની રેગ્યુલર જામીન મેળવવાની અરજી આથી ''મંજુર'' કરવામાં આવે છે.

અરજદાર/આરોપીને જૂનાગઢ બી.ડીવી. પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં.૧૧ ૨૦૩૦૨૪૨૫૦૩૯૫/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ- ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ) તથા પોકસો એકટની કલમ ૪,૬,૮ અને ૧૨ મુજબના ગુનાના કામે રૂા. ૨૫,૦૦૦/- ના જામીન તથા જાત મુચરકો અત્રેની કોર્ટમાં રજુ કર્યેથી નીચેની શરતોને આધિન તેઓને જામીન મુકત કરવાનો આદેશ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :**

૧. અરજદાર/આરોપીએ ફરીયાદ પક્ષના સાક્ષીઓને ધાક ધમકી, લોભ-લાલચ કે દબાણ આપવા નહી કે કોઈપણ રીતે સંપર્ક કરવો નહી.

૨. અરજદાર/આરોપીએ પોતાના રહેઠાણનુ હાલનુ અને કાયમી સરનામુ અત્રેની અદાલત સમક્ષ દસ્તાવેજી પુરાવા સાથે જાહેર કરવુ અને સરનામુ બદલાય તો તે અંગેની અત્રેની અદાલતને જાણ કરવી. અરજદાર/આરોપીએ પોતાના મોબાઈલ નંબર તથા આધાર નંબર જાહેર કરવા.

૩. અરજદાર/આરોપીએ ભવિષ્યમાં કોઈ ગુનાહીત પ્રવૃતિમાં સંડોવણી થાય તેવુ કોઈ કૃત્ય કરવુ નહી.

૪. અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો નીચેની અદાલતમાં દિન–૭ માં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે સંબંધેનુ સોગંદનામુ કરવુ.

૫. અરજદાર /આરોપીએ અત્રેની અદાલતની પૂર્વ પરવાગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહી.

– ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થયેથી આપવામાં આવેલ જામીન આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

– અરજદાર/આરોપીએ તેના જામીન અત્રેની અદાલતને સંતોષ થાય તે રીતે આપવાના રહેશે.

– આ હુકમની જાણ સબંધીત પોલિસ સ્ટેશનને કરવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૮/૦૩/૨૦૨૬
જુનાગઢ.

**(અમિત રમેશભાઈ રાણા)**
છઠ્ઠા એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૯૬૫)